| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૧૦૯૨ |
| અમદાવાદ | ૧૬૬ |
| ગાંધીનગર | ૨૮ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૫૬ ૧૪ ઓગસ્ટ, ૨૦૨૦, શુક્રવાર; શ્રાવણ વદ - ૧૦ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં કોરોનાનો વિક્રમ : ૪૮ કલાકમાં ૧.૨૭ લાખ

**દેશમાં કોરોના સંક્રમિતોનો કુલ આંકડો ૨૩.૯૬ લાખ, ૪૭૦૦૦થી વધુના મોત : છેલ્લા ૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૬૭,૦૦૦થી વધુ કેસ પોઝિટિવ નોંધાયાઃ રાહતના સમાચાર એ કે કોરોના રિક્વરી રેટ ૭૦.૭૬ ટકા થયો, એક દિવસમાં ૫૬ હજારથી વધુ દર્દીઓ થયા સ્વસ્થઅત્યાર સુધી ૨.૬૮ કરોડ સેમ્પલ ટેસ્ટ કરાયા**

ન્યુ દિલ્હી,તા.૧૩

દુનિયાભરના તમામ દેશોની સાથે-સાથે ભારતમાં પણ કોરોના વાયરસનો આતંક પૂર ઝડપે વધી રહ્યો છે. દેશમાં છેલ્લા થોડા સમયથી કોરોના સંક્રમિતોના કેસ સતત વધી રહ્યા છે. આ સાથે જ કોરોનાથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ ધીમે ધીમે વધી રહી છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે ગુરૂવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને સંક્રમણનો કુલ આંકડો ૨૪ લાખની નજીક પહોંચી ગયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૬૬૯૯૯ કેસ નોંધાતા કુલ કેસ ૨૩૯૬૬૩૭ થઈ ગયા છે. આ પહેલાં બુધવારે પણ કોરોનાના ૬૦૬૩૯ પોઝિટિવ કેસ નોંધાયા હતા અને ૮૩૪ દર્દીઓના મોત નિપજ્યા હતા. આમ છેલ્લા ૪૮ કલાકમાં દેશમાં કુલ ૧૨૭૯૬૩ પોઝિટિવ કેસ નોંધાયા છે જ્યારે ૧૭૭૬ દર્દીઓના મોત નિપજ્યા છે.

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૬૩૮૩ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૧૬૯૫૯૮૨ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા વધારે થઈ ગઈ છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના જણાવ્યાં મુજબ અત્યાર સુધીમાં દેશમાં કુલ ૨,૬૮,૪૫,૬૮૮ સેમ્પલ ટેસ્ટ થયા છે. જેમાંથી ૮,૩૦,૩૯૧ નમૂનાનું પરિક્ષણ ગઈ કાલે કરાયું હતું. જો કે રાહતની વાત એ છે કે મૃત્યુદર અને એક્ટિવ કેસ રેટમાં ઘટાડો થયો છે. મૃત્યુદર ઘટીને ૧.૯૬% થયો છે. આ સાથે જ રિકવરી રેટ એટલે કે સાજા થવાનો દર પણ ૭૦.૭૬% થયો છે. ભારતમાં રિકવરી રેટ સતત વધી રહ્યો છે.

જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૯૪૨ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૪૭૦૩૩ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે ગુરૂવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૬૫૩૬૨૨ એક્ટિવ કેસ છે.

દેશમાં કોરોના વાયરસના સૌથી વધારે ૫૪૮૩૧૩ કેસ મહારાષ્ટ્રમાં નોંધાયા છે.

● અનુસંધાન પાના - ૭ પર

# રાજસ્થાનમાં ભાજપ અવિશ્વાસની દરખાસ્ત લાવશે

જયપુર,તા.૧૩

રાજસ્થાનમાં આવતી કાલે ભાજપ અશોક ગેહલોત સરકાર વિરુદ્ધ અવિશ્વાસનો પ્રસ્તાવ લાવશે. કાલથી રાજસ્થાન વિધાનસભા સત્ર શરૂ થઈ રહ્યુ છે. આ અગાઉ ભાજપના ધારાસભ્યોની બેઠક થઈ હતી. આ બેઠકમાં આવતી કાલે રાજસ્થાનમાં અવિશ્વસ પ્રસ્તાવ લાવવાનો નિર્ણય કરાયો હતો. આ બેઠકમાં ધારાસભ્યો પાસેથી પ્રસ્તાવને લઈ કરાર પણ કરાયો છે.

ભાજપનું કહેવુ છે કે, ગેહલોત પાસે સંખ્યા નથી. ગુલાબચંદ કટારીયાએ કહ્યુ હતું કે, ગેહલોત સરકાર હારી ગઈ છે.



ધારાસભ્યો દળની બેઠકમાં ૭૧ ધારાસભ્યો સામેલ થયા હતા. ભાજપની સહયોગી પાર્ટી આરએલપીના ત્રણ ધારાસભ્યો તેમાં હાજર રહ્યા હતા.

ભાજપના પ્રદેશ અધ્યક્ષ સતીશ પુનિયાએ કહ્યુ હતું કે, સરકારમાં ઘણા મતભેદ છે. સંભાવના છે કે, વિધાનસભામાં મત લાવી શકે છે કે, પણ તેમ છતાં અમે અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાની તૈયારી કરી રહ્યા છીએ. નેતા પ્રતિપક્ષ ગુલાબચંદ કટારિયાએ કહ્યુ હતું કે, પોતાના સહયોગીઓ સાથે આવતી કાલે વિધાનસભામાં અવિશ્વાસ પ્રસ્તાવ લાવી રહ્યા છીએ.

ગુરુવારે ભાજપના ધારાસભ્યોની બેઠક યોજાઈ તેમાં પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે તેમજ કેન્દ્રિય પ્રતિનિધિઓ પણ હાજર હતા. ઉલ્લેખનીય છે કે હજુ બે દિવસ પહેલા જ કોંગ્રેસના બળવાખોર ધારાસભ્યો કોંગ્રેસમાં પરત ફરાય છે. ત્યારે હવે કોંગ્રેસ સામે બહુમતી સાબિત કરવાનો પડકાર ઉભો થયો છે.


રાજસ્થાન વિધાનસભામાં કુલ ૨૦૦ સીટ છે. બહુમત માટે ૧૦૧ સીટની જરૂર પડે છે. વિધાનસભામાં કોંગ્રેસ પાસે ૧૦૦ સીટોમાં જીત મેળવી હતી. ભાજપે ૭૩ સીટ મેળવી છે. બસપાના ૬ ઉમેદવારો ધારાસભ્યો છે. અન્યના ખાતામાં ૨૦ સીટ આવી હતી. બાદ બસપાના ૬ ધારાસભ્યો કોંગ્રેસમાં સામેલ થયા હતા.

# પ્રામાણિક કરદાતા રાષ્ટ્ર નિર્માણમાં મોટી ભૂમિકા નિભાવે : મોદી

**મોદીએ ટ્રાન્સપરન્ટ ટેક્સેશન સેવાનો દેશભરમાં પ્રારંભ કરાવ્યો**

નવી દિલ્હી, તા. ૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે દેશમાં નવી કર વ્યવસ્થાનો પ્રારંભ કરાવ્યો છે. પીએમ મોદીએ ટ્રાન્સપરન્ટ ટેકસેશન- ઓનરિંગ ધ ઓનેસ્ટ પ્લેટફોર્મને ઓનલાઈન લોન્ચ કર્યું હતું જેમાં ફેસલેસ ટેક્સ સ્કૂટિનીનો પ્રારંભ કરાયો છે. ફેસલેસ ટેક્સ અપીલ સેવાનો ૨૫ સપ્ટેમ્બરથી પ્રારંભ થશે. વડાપ્રધાને આ પ્રસંગે દેશના તમામ કરદાતાઓને રાષ્ટ્રનિર્માણના યોગદાન માટે સમયસર ટેક્સ ભરવા પણ આહવાન કર્યું હતું. આવકવેરા વિભાગ 'ટેકસપેયર ચાર્ટરલને અપનાવશે જે કરદાતા અને આવકવેરા કચેરી બન્નેના અધિકારો તેમજ જવાબદારીઓની રૂપરેખા નિર્ધારિત કરશે. વડાપ્રધાને પોતાના સંબોધમાં જણાવ્યું કે, દેશમાં ગુલામીકાળથી કર વ્યવસ્થા અમલમાં છે અને તેમાં સમયાંતરે ઓછાવત્તા બદલાવો થતા રહ્યા પરંતુ તેનું મૂળ માળખું જૂનું જ રહ્યું હતું અને વ્યવસ્થા જૂનવાણી ઢબે જ ચાલી રહી હતી.



આ માળખાને પગલે દેશના પ્રામાણિક કરદાતાઓ સાથે હંમેશા અન્યાય થતો રહ્યો. જો કે આ પ્લેટફોર્મથી હવે પ્રામાણિક કરદાતાઓને ન્યાય મળી શકશે તેમ પીએમે વધુમાં જણાવ્યું હતું. મોદીએ લોકોને સમયસર કર ચૂકવવા માટે પણ જણાવ્યું હતું. જેમ કરદાતા સાથે સમ્માનપૂર્વક

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૦૮૮૯૦૨૫ | ૭૪૮૫૭૮ | ૧૩૯૧૪૩૦૨ |
| ભારત | ૨૪૩૭૮૫૦ | ૪૭૫૯૮ | ૧૭૨૮૫૩૪ |
| ગુજરાત | ૭૫૪૮૨ | ૨૭૩૩ | ૫૮૫૩૯ |
| ગાંધીનગર | ૧૯૨૭ | ૧૦૮ | ૧૫૫૦ |

# અમેરિકામાં એચ-૧બી વીઝામાં છૂટ

વોશિંગટન, તા. ૧૩

ટ્રમ્પ પ્રશાસને એચ-૧બી વીઝાના કેટલાંક નિયમોમાં ઢીલ આપવાની જાહેરાત કરી છે. આ નિર્ણયથી આ વીઝાધારકોને અમેરિકામાં પ્રવેશ કરવાની મંજૂરી મળી શકશે. ખાસ કરીને એ લોકોને આનાથી ફાયદો મળશે જેમને વીઝા પ્રતિબંધના લીધે નોકરી છોડવી પડી હતી. જો તેઓ તેમની નોકરીઓમાં પાછા ફરે છે તો આ છૂટનો ફાયદો મળી શકે છે. અમેરિકન વિદેશ મંત્રાલયના સલાહકારે કહ્યું કે તેમાં પ્રાઈમરી વીઝાધારકની પત્ની અને બાળકોને પણ તેની સાથે મંજૂરી મળશે. અમેરિકાના સ્ટેટ ડિપાર્ટમેન્ટના સલાહકારે કહ્યું કે જે પણ અરજી અમેરિકામાં પોતાની પહેલી કંપનીમાં નોકરી માટે અપીલ કરશે તો એચ-૧બી વીઝા શરતોમાં રાહતના લીધે તેમને ફાયદો મળી શકે છે. પ્રશાસને ટેકનોલોજી, વરિષ્ઠ સ્તરીય પ્રબંધકો અને અન્ય કર્મીઓને પણ યાત્રાની મંજૂરી આપી દીધી છે, જે એચ-૧બી વીઝા ધરાવે છે. એટલું જ નહીં તેમની યાત્રા અમેરિકાના તરત અને નિરંતર આર્થિક સુધારાને સુવિધાજનક બનાવા માટે ખૂબ જ જરૂરી છે. ૨૨ જૂનના રોજ અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ વર્ષ માટે એચ-૧બી વીઝા સસ્પેન્ડ કરવાની જાહેરાત કરી હતી. તેનાથી ભારત સહિત દુનિયાના આઈટી પ્રોફેશનલને મોટો ઝાટકો લાગ્યો હતો. જો કે હવે અમેરિકન પ્રશાસને વીઝા

● અનુસંધાન પાના - ૭ પર

# કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા રાજીવ ત્યાગીનું અવસાન

નવી દિલ્હી, તા.૧૩

ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના પ્રવક્તા રાજીવ ત્યાગીનું નિધન થઈ ગયું છે. બુધવાર સાંજે એક ટીવી ડિબેટમાં ભાગ લીધા બાદ તેમને કાર્ડિયાક અરેસ્ટનો હુમલો આવ્યો. રિપોર્ટ્સ અનુસાર, તેમને તબિયત ખરાબ થતા એક પ્રાઈવેટ હોસ્પિટલમાં એડમિટ કરાવવામાં આવ્યા હતા. થોડા જ સમયમાં તેમનું અવસાન થઈ ગયું. કોંગ્રેસના સચિવ (સંચાર) ડૉ વિનીત પુનિયાએ તેમના અવસાનની જાણકારી આપી. સૂચના મેળવ્યા બાદ ભાજપના પ્રવક્ત સંબિત પાત્રાએ પણ શોક વ્યક્ત કર્યો છે. રાજીવ ત્યાગીએ બુધવારે સાંજે આશરે પોણા ચાર વાગ્યે પોતાના ટ્વીટર એકાઉન્ટથી એક ટ્વીટ કરી હતી.

● અનુસંધાન પાના - ૭ પર

## છેલ્લે... છેલ્લે...

- પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીની સ્થિતિ હજુ નાજુક છે. ગુરુવારે સવારે કેટલાક મીડીયા દ્વારા તેમના મૃત્યુની અફવા પણ ફેલાવાઈ હતી. જોકે તુરંત જ તેમના પુત્ર અભિજિતે સ્પષ્ટતા મુકી હતી.
- રામ મંદિર ન્યાસના અધ્યક્ષ નૃત્ય ગોપાલદાસને કોરોના પોઝિટીવ.
- કેન્દ્ર સરકારના આયુષ મંત્રી શ્રીપદ નાઈકને પણ કોરોના પોઝિટીવ
- વૈષ્ણવ દેવી મંદિરના આઠ પુજારી કોરોનાથી સંક્રમિત
- સુરેન્દ્રનગરના લખતરમાં આભ ફાટ્યુ, સાત ઈંચ વરસાદ
- મોડી સાંજે સુરત - અમદાવાદ હાઈવે પર ટ્રાફિક જામ, બંને લેન પર ૧૦-૧૦ કિલોમીટર લાંબી લાઈન
- ગોંડલના મહારાજા જ્યોતિન્દ્રસિંહ જાડેજા અને મહારાણી કુમોધબા જાડેજા કોરોનાથી સંક્રમિત થતા સંમગ્ર રાજમહેલ કોરોન્ટાઈન કરાયો.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બિન કોંગ્રેસી વડાપ્રધાન પદ પર રહેવાનો બાજપાઈનો રેકોર્ડ તોડ્યો
- અમદાવાદ ભાજપ મહિલા મોરચાના મંત્રી ઉમાબેન ગાંધીને કોરોના પોઝિટીવ




શ્રધ્ધાંજલી

સમય જીંદગીનો ઓછો હશે, એ ક્યાં ખબર હતી.
વિદાય તમારી અણધારી થશે, એ ક્યાં ખબર હતી.
સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણાં,
સૌના દિલમાં રાખી ગયા.
તમારો નનિખાલસ ચહેરો અમને સદાય યાદ રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. બળવંતસિંહ કેશરીસિંહ ગોહિલ (બી.કે. ગોહિલ) સ્વ. તા. ૧૨-૮-૨૦૨૦

કરણસિંહ બી. વાઘેલા- એડવોકેટ
ચેરમેન રૂલ્સ કમીટી બાર કાઉન્સીલ ઓફ ગુજરાત
વાઘેલા જયદિપસિંહ વિક્રમસિંહ- એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટ
ગોહિલ જીતેન્દ્રસિંહ હેમતુજી- એડવોકેટ
ખેર રાજેન્દ્રસિંહ બાબુજી- એડવોકેટ
ગોહિલ લાલસિંહ હેમતુજી- એડવોકેટ
ચાવડા સમરસિંહ દિપસિંહજી- એડવોકેટ
ચાવડા વિનુસિંહ ગાંડાજી- એડવોકેટ
રાઓલ કુલાણસિંહ પ્રવિણસિંહ- એડવોકેટ
વાઘેલા અંકિતસિંહ રણજીતસિંહ- એડવોકેટ
ઠાકોર સંજય રમણજી- એડવોકેટ
ચાવડા નટવરસિંહ ગાંડાજી
સોલંકી બલરામસિંહ મહેન્દ્રસિંહ
પંચાલ પરેશભાઈ
ગોહિલ પ્રહલાદસિંહ બબુજી-(પી.બી. ગોહિલ)- એડવોકેટ
રાઓલ રાજેન્દ્રસિંહ રામસિંહ- એડવોકેટ
વાઘેલા મુકુંદસિંહ બળદેવસિંહ
ચાવડા દિલિપસિંહ તખતસિંહ
ગોહિલ વિરેન્દ્રસિંહ બળવંતસિંહ- એડવોકેટ
બિહોલા લાલસિંહ જશવંતસિંહ
બિહોલા રાજેન્દ્રસિંહ અર્જુનસિંહ- એડવોકેટ
ચૌહાણ અજયપાલસિંહ દેવેન્દ્રસિંહ- એડવોકેટ
પટેલ રવિકુમાર કૌશિકભાઈ
વાઘેલા પ્રણવસિંહ વિક્રમસિંહ
સોની ચિંતન ભદ્રેશભાઈ- એડવોકેટ
પટેલ કેતુલ દશરથભાઈ- એડવોકેટ
ગોહિલ પ્રદિપસિંહ પ્રહલાદસિંહ
ગોહિલ યુવરાજસિંહ દિલિપસિંહ- એડવોકેટ
મકવાણા નરવિરસિંહ કે. - એડવોકેટ

કે.બી.વાઘેલા એસોસીએટ્સ- અમદાવાદ તથા ગાંધીનગર ઓફિસ સ્ટાફ તરફથી



હાર્દિક અભિનંદન



માનનીય શ્રી આર.વી. અસારી સાહેબ (I.P.S) જીલ્લા પોલીસ વડા અમદાવાદથી બઢતી મળતાં જોઈન્ટ કમિશ્નર ઓફ પોલીસ સેક્ટર-૧ અમદાવાદ ખાતે નિમણૂંક થતા હાર્દિક અભિનદન પાઠવીએ છીએ આપશ્રી ઉત્તરોત્તર પ્રગતિ કરો તેવી પ્રભુના ચરણોમાં પ્રાર્થના સહ શુભેચ્છા.

શ્રી આર.વી. અસારી સાહેબ
(I.P.S-અમદાવાદ)

શુભેચ્છક

ભૂપતસિંહ એમ. સગર (સમર્થ ડેવલપર્સ)
યોગરાજસિંહ બી. સગર
અનિરૂધ્ધસિંહ જે. ડોડિયા (AIPL)